# મોરિયા દૂધ મંડળીના મંત્રી પર ફાયરીંગ : ૧૮ લાખની લૂંટથી ચકચાર







બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના મોરિયા ગામની દૂધ મંડળીના બે કર્મચારીઓ પાસેથી રૂપિયા ૧૮ લાખની સનસનીખેજ લૂંટની ઘટના સામે આવી છે. દૂધ મંડળીના કર્મચારીઓ બેંકમાંથી પૈસા લઈને જતા હતા ત્યારે ધનાલીથી મોરીયા ગામ વચ્ચે અજાણ્યા શખ્સોએ રિવોલ્વરથી બે ફાયરિંગ કરી લૂંટ કરી ફરાર થતા પોલીસે તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠામાં દિન દહાડે દૂધ ડેરીના બે કર્મચારીઓ પાસેથી ૧૮ લાખની સનસનીખેજ લૂંટની ઘટના સામે આવતા જિલ્લાની પોલીસ દોડતી થઈ ગઈ છે. જેમાં વડગામ તાલુકાના મોરિયા ગામે આવેલી દૂધમંડળીના કર્મચારી જગદીશભાઈ લોહ અને તેમના મિત્ર સાથે ધનાલી ગામે આવેલી બનાસ બેન્કની શાખામાંથી દૂધનું ૧૮ લાખ રૂપિયાનું પેમેન્ટ થેલામાં લઈને મોરિયા તરફ આવવા નીકળ્યા હતા. ત્યારે ધનાલીથી મોરીયા વચ્ચે રસ્તામાં પાછળથી સફેદ કલરની કારમાં અજાણ્યા પાંચ જેટલા શખ્સોએ બાઈક આંતરીને અટકાવ્યુ હતું અને બાઈક સવાર બંનેને રિવોલ્વર બતાવી નીચે પાડી દીધા હતા. દરમિયાન કર્મચારી રૂપિયા બચાવવા થેલો લઈ ભાગ્યા હતા પરંતુ લૂંટારૂઓએ તેમનો પીછો કરી બેગ આંચકી પળવારમાં લૂંટ કરી નાસી ગયા હોવાનું ફરિયાદી જગદીશ લોહએ જણાવ્યું હતું.

વડગામ પાસે દૂધ ડેરીના કર્મચારીઓ પાસેથી રૂપિયા ૧૮ લાખની લૂંટની સનસનીખેજ ઘટનાની જાણ થતા બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા નીરજ બડગુજર તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને એલસીબી એસઓજી, વડગામ પોલીસ સહિતની જુદી જુદી ટીમો બનાવી આરોપીઓને પકડવા કવાયત હાથ ધરી હતી. પોલીસે ધનાલી બનાસ બેન્કની શાખામાં પણ જઈ તપાસ હાથ ધરી હોવાનું ડી.વાય.એસ.પી. એ.આર. જનકાન્તએ જણાવ્યું હતું.



## મોડાસા ટીંટોઈ ગામે ફરીથી બુધવારે એસબીઆઈ બેંક બંધ રખાતા ગ્રાહકોમાં ઉગ્ર રોષ

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા શાખામાં છેલ્લા બે વર્ષથી દર બુધવારે બેંક સ્ટાફના મનસ્વી પણે બેંક બંધ રખાતા ગ્રાહકોમાં રોષ ફાટી નીકળ્યો હતો અને આ અંગે બેંકના મેનેજર અને કર્મચારીઓને રજુઆત કરતા ઉદ્ધતાઈપૂર્વક જવાબ આપવામાં આવતા ગ્રાહકો સમસમી ઉઠ્યા હતા અને આ અંગે ગાંધીનગર સમાચારના પ્રતિનિધિનો સંપર્ક કરતા લોકોને વાચા આપતા સમાચાર પ્રસિદ્ધ થતા ટીંટોઈ ગામે આવેલ એસબીઆઈ બેંક બુધવારે રાબેતા મુજબ કામગીરી હાથ ધરી હતી. ત્યાર બાદ ફરીથી બેંકના કર્મચારીઓએ મનસ્વી રીતે એકાએક બંધ રખાતા ગ્રાહકોને ધરમધક્કા ખાવાનો વારો આવતા અને બેંકના નવા આવેલા પંજાબી બેંક મેનેજરે ગ્રાહકો સાથે ઉદ્ધતાઈ પૂર્વક વર્તણુક કરવામાં આવતી હોવાનું ગ્રાહકોએ જણાવ્યું હતું. જાગૃત ગ્રાહકોએ બેંક મેનેજરની બદલી કરવાની અને બુધવારે બેંક ચાલુ રાખવાની ઉગ્ર માંગ સાથે ગ્રાહકોને ન્યાય નહિ મળે તો ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેમ ભારપૂર્વક જણાવ્યું હતું.

# ખોટી કંપની ઉભી કરી ૧.૪૧ કરોડ ઉઘરાવી લેતા બે વિરૂદ્ધ ફરીયાદ

### લોભામણી સ્કીમો જાહેર કરી ગ્રાહકોને છેતર્યા : ઓફીસ બંધ કરી દીધી

હિંમતનગર, તા. ૧૬

આજકાલ લોભામણી સ્કીમો જાહેર કરીને ગ્રાહકોને ગેરમાર્ગે દોરી કરોડો રૂપિયા લઈ લીધા બાદ આ કંપનીઓના પાટીયા રાતોરાત ઉતારી લેતા લેભાગુ કંપનીઓ સામે હવે સરકારે લાલ આંખ કરવાની જરૂર છે. દરમ્યાન દિલ્હીની એક કંપનીના માલિક અને ચેરમેન તથા અન્ય માણસોએ સ્કાયલાર્ક લેન્ડ ડેવલોપર્સ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નામની કંપની ખોલી ગ્રાહકો પાસેથી રૂ. ૧.૪૧ કરોડથી વધુની રકમ ગ્રાહકો પાસેથી ઉઘરાવી લઈ છેતરપીંડી કર્યાની ફરીયાદ સોમવારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે તરૂણભાઈ ધુળાભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ દિલ્હી સ્થિત સ્કાયલાર્ક લેન્ડ ડેવલોપર્સના માલિક દિલીપકુમાર જૈન તથા વડોદરાના રાજકુમાર મનોહરલાલ કટીયાએ ભેગા મળી હિંમતનગર સહિત ગુજરાતમાં અન્ય સ્થળે એજન્ટો ઉભા કરી ગ્રાહકો પાસેથી પૈસા ઉઘરાવવા માટે લોભામણી સ્કીમો જાહેર કરી હતી. જેના કારણે તેમાં અનેક લોકોએ એક વર્ષ દરમ્યાન હિંમતનગરમાં ટાવર રોડ પર આવેલ એક કોમ્પ્લેક્ષમાં ઓફીસ ખોલી વર્ષ દરમ્યાન સાબરકાંઠા જિલ્લાના અનેક લોકો પાસેથી અંદાજે રૂ. ૧,૪૧,૪૦,૪૧૫ ઉઘરાવી લઈ તેઓ ગ્રાહકોને કરેલા વાયદા મુજબ પૈસા પરત ન આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી.

જોકે આ કંપનીમાં પૈસા રોક્યા બાદ અનેક ગ્રાહકોએ પૈસા પરત મેળવવા માટે ઉઘરાણી કરી હતી. પરંતુ પૈસા પરત ન આવતા આખરે તરૂણભાઈ પટેલ કંપનીના માલિક, વડોદરાના શખ્સ તથા અન્ય માણસો વિરૂદ્ધ સોમવારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.



અરવલ્લી જીલ્લાના વડુમથક મોડાસા શહેરના ચાર રસ્તા નજીક આવેલા ટાઉનહોલ ખાતે બુધવારે એઆઈસીસીના મહામંત્રી અને રાજ્યસભાના સાંસદ મધુસુદન મિસ્ત્રીના અધ્યક્ષ સ્થાને અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિની વિસ્તૃત કારોબારી બેઠક યોજાયી હતી. જેમાં જિલ્લાના ત્રણે ધારાસભ્યો સહીત પ્રદેશમંત્રી જયદત્તસિંહ પુવાર ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં હાજર રહેલા જીલ્લા કોંગ્રેસના હોદેદારો અને કાર્યકરોને મધુસુદન મિસ્ત્રીએ સંબોધી આગામી લોકસભાની-૨૦૧૯ ની તૈયારીઓમાં જોતરાઈ જવા અને જનમિત્ર બનાવવાની કામગીરી તેજ બનાવવા અને ભાજપ સરકારની નિષ્ફળતા ચૂંટણી સમયે કરેલા વાયદા અને મોંઘવારી સહિતના મુદ્દા લોકો વચ્ચે લઈ જવા અને લોકોને પડતી મુશ્કેલીના નિરાકરણ માટે કામે લાગી જવા હાકલ કરી હતી. મધુસુદન મિસ્ત્રીના સંબોધનથી હોદેદારો અને કાર્યકરોમાં ઉત્સાહનો સંચાર થયો હતો.

# મેઢાસણ ગામે ડીહાઈડ્રેશન અસરથી મોર કૂવામાં પટકાતા યુવકોએ બચાવ્યો


અરવલ્લી, તા. ૧૬

અરવલ્લી જીલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી કાળઝાળ ગરમીથી લોકો તોબા પોકારી પણ નીપજી રહ્યા છે. મોડાસા તાલુકાના મેઢાસણ પાટિયા નજીક રાષ્ટ્રીય પક્ષી મોર ડીહાઈડ્રેશનની અસરથી



ઉઠ્યા છે. બીજી તરફ સતત ૪૨ થી ૪૩ ડિગ્રીથી વધુ તાપમાનનો પારો સતત ઉંચે રહેતા ગરમીના કહેરથી પક્ષીઓ પણ બેહાલ બન્યા છે.

છેલ્લા એક સપ્તાહમાં ૫૦થી વધુ પક્ષીઓ હિટસ્ટ્રોકનો ભોગ બન્યા છે. આગ ઓકતી ગરમીમાં આભમાં ઉડતા પક્ષીઓ ડિહાઈડ્રેશનના લીધે જમીન પર પટકાઈ પડવાની સાથે મોત કૂવામાં પટકાતા આ અંગે દયા ફાઉન્ડેશનના યુવકોને જાણ થતા પિન્ટુ અને હિતેશ રાઠોડ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી કૂવામાં પાણીમાં તરફડીયા મારતા મોરને હેમખેમ બહાર કાઢી પ્રાથમિક સારવાર આપી બચાવી લઈ ખેતરમાં છોડી દીધો હતો. ગામ લોકોએ બંને જીવદયાપ્રેમી યુવકોની કામગીરીની સરાહના કરી હતી.



## લીંભોઈ શનિદેવ મંદિરે શનૈશ્વર જ્યંતીની ભક્તિભાવપૂર્વક ઉજવણી

અરવલ્લી જીલ્લાના મીની સિંગણાપુર તરીકે જાણીતા મોડાસા તાલુકાના લીંભોઈ ગામે આવેલા શ્રી વાડીનાથ હનુમાનજી પંચદેવ એવમ્ શ્રી શનિદેવ મંદિરમાં મંગળવારે વૈશાખ માસે અમાવસ્યા અને શનિશ્વર જ્યંતિની ઉજવણી ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વહેલી સવારથી ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું અને શનિદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મંદિરમાં અભિષેક પૂજા સવારે ૯.૦૫ કલાક થી ૧૨.૧૫ કલાક સુધી યોજાયી હતી અને છપ્પન્ન થાળ ભોગ ધરવામાં આવ્યો હતો. મંગળવારે મોડીરાત્રી સુધી શનિદેવના દર્શન કરવા ભક્તોનો ભારે ધસારો જોવા મળ્યો હતો.

# મોડાસાના મહિલા મેયરે મહિલાઓની વેદના સાંભળી

### મોડાસા ચાર રસ્તા જાહેર શૌચાલય નજીક અડિંગો જમાવનાર ફેરિયાઓને હટાવતા મહિલાઓમાં આનંદ

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં નગરપાલિકા પ્રમુખ વનીતાબેન



પટેલ મોડાસા શહેરના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. મોડાસા શહેરના સતત ટ્રાફિકથી ધમધમતા ચાર રસ્તા પર જાહેર શૌચાલયના અભાવે રાહદારીઓ અને ખાસ કરીને મહિલાઓ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાથી મહિલાઓની વેદનાને સમજી ચાર રસ્તા પર મહિલાઓ અને પુરુષો માટે અલગ-અલગ શૌચાલય બનાવતા રાહદારી મહિલાઓ અને શહેરની મહિલાઓમાં આનંદ છવાયો હતો પરંતુ મહિલા શૌચાલય નજીક ફેરિયાઓ અને હાથ લારીઓવાળાઓએ અડિંગો જમાવતા મહિલાઓ શૌચાલયનો ઉપયોગ કરવામાં ક્ષોભ અનુભવાતી હોવાથી આ અંગેની રજુઆત મહિલાઓએ વનીતાબેન પટેલને કરતા તાબડતોડ ત્યાંથી ફેરિયાઓ અને લારીઓ વાળાઓને હટાવી લેતા મહિલાઓએ રાહત અનુભવી હતી.

મોડાસા ચાર રસ્તા પર પ્રાથમિક શાળા નજીક મોડાસા નગર પાલિકા તંત્ર દ્વારા થોડા સમય અગાઉ મહિલાઓ-પુરુષો માટે જાહેર શૌચાલય બનાવ્યા બાદ આજુબાજુમાં હાથલારીઓ અને ફેરિયાઓએ અડિંગો જમાવી દેતા મહિલાઓ માટે બનાવેલ શૌચાલય ઉપયોગ કરવા મહિલાઓએ આપત્તીજનક સ્થિતિમાં મુકાવવું પડતું હોવાથી આ અંગે મહિલાઓએ નગરપાલિકા મેયર વનીતાબેન પટેલને રજુઆત કરતા જાહેર શૌચાલય નજીકથી ફેરિયાઓ અને લારીઓવાળાને હટાવી જગ્યાને કોર્ડન કરી એક સુરક્ષા ગાર્ડની વ્યવસ્થા કરતા મહિલાઓ માટે જાહેર શૌચાલયની સુવિધા ઉપલબદ્ધ કરાવતા અને શૌચાલયની સફાઈ સાથે આજુબાજુમાં જંતુનાશક દવાનો છંટકાવ કરતા મહિલાઓએ મહિલા પ્રમુખે મહિલાઓની વેદના સાચા અર્થમાં સમજી હોવાનું જણાવ્યું હતું, તદુપરાંત રાહદારી મહિલાઓ અને શહેરની મહિલાઓ ચાર રસ્તા નજીક વિવિધ બજારો આવેલી હોવાથી જીવન જરૂરીયાત ચીજ વસ્તુઓ ખરીદી કરવા આવતી મહિલાઓ શોપિંગ સેન્ટર અને કોમ્પ્લેક્ષમાં શૌચાલય ન હોવાથી મુશ્કેલીમાં મુકાતી હોવાથી ચાર રસ્તા નજીક બનાવેલ મહિલા શૌચાલય મહિલાઓ માટે આશીર્વાદ સમાન હોવાનું જણાવ્યું હતું.

# મહેસાણા જિલ્લામાં જળસંચય અભિયાન હેઠળ ૩૪૩ કામોનું પૂર્ણ થશે

મહેસાણા, તા. ૧૬

જળ એ જીવન છે એ ઉક્તિ આપણે સૌ જાણીએ છીએ. એ અર્થમાં જળ એ આપણા અસ્તિત્વનો આધાર છે. પાણી એ પરમાત્માની માનવજાતને આપેલી પ્રસાદી છે ત્યારે તેનો કરકસરપુર્ણ ઉપયોગ એ સમયની માંગ છે. રાજ્ય સરકારે સુજલામ સુફલામ જળ અભિયાન દ્વારા ગુજરાતના ખુણે ખુણે જળ સંચય માટે ઝુંબેશ હાથ ધરી છે. આ અભિયાનમાં સ્વૈચ્છિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, ઔધોગિક એકમો ધાર્મિક સંસ્થાઓ, રાજ્ય સરકારના સાહસો, બિનનિવાસી ગુજરાતી બંધુઓના સહયોગથી કામ કરી રહ્યા છે.

આ અભિયાન અંતર્ગત તળાવો ઉંડા કરવા, તેના પાળાઓ મજબૂત કરવા, આવરા સાફ કરાવાની કામગીરી કરાય છે. આજ રીતે જળાશયો અને ચેકડેમોનું ડિસીલ્ટીંગ પણ કરાય છે. નર્મદા કેનાલ નેટવર્ક તથા અન્ય જળાશયોની કેનાલની સફાઈ અને રીપેરીંગની કામગીરી કરાય છે. રાજ્યની તમામ પીવાના પાણીની મુખ્ય લાઈનો પરના એરવાલ્વનું નિરીક્ષણ અને મરામત પણ કરાય છે. રાજ્યમાં વેસ્ટ વોટર રિયુઝની પોલીસીનું અમલીકરણ કરવામાં આવે છે. ગામ તળાવ, સીમ તળાવો, નદીઓના પાણીના પ્રવાહને અવરોધકરૂપ ઉગેલા ઝાડી-ઝાંખરા વગેરેની સફાઈ કરાવાનું મહાકાય કામ હાથ ધર્યું છે.

આજ રીતે શહેરી વિસ્તારોમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગ તેમજ નદીઓ અને તળવોમાં આવતું પ્રદૂષિત પાણી અટકાવવાની કામગીરી પણ આવરી લેવાઈ છે. નદી કાંઠાઓ પર વૃક્ષારોપણની કામગીરીને પણ વેગવાન બનાવાઈ છે.

મહેસાણા જિલ્લા કલેકટર એચ.કે. પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં લોકભાગીદારીથી તળાવો ઉંડા કરવાના ૭૦ અને ૪૨ ચેકડેમ ડિસીલ્ટીંગના કામો થઈ રહ્યા છે. મનરેગા તળે ૧૦૫ તળાવો ઉંડા કરવા, ૧૫ ચેકડેમ, ૧૪ કાંસની સફાઈ, ધામણી નદી પુનર્જીવીતના ૩૧ કામો મળી ૧૬૫ કામો સફળતાપુર્ણ થઈ રહ્યા છે. જિલ્લામાં વનવિભાગ દ્વારા ૨૦ વનતલાવડી, ૩ ચેકડેમ ડિસીલ્ટીંગના કામો થઈ રહ્યા છે. સાત નગરપાલિકાઓ દ્વારા ૬ તળાવો, ૫ નહેરોની સફાઈ, ૨ નદીઓની સફાઈ, ૨ વૃક્ષારોપણની કામગીરી, ૪ પીવાના પાણીના સ્ત્રોતની સફાઈ, ૨૧ વરસાદી પાણીના લાઈનની સફાઈ, અને ૩ ખુલ્લી કેનાલની સફાઈ તેમજ કેનાલના કામો થઈ રહ્યા છે.